પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૫૫ | ૫ મે, ૨૦૨૩, શુક્રવાર; વૈશાખ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મણિપુરના ચુરાચંદપુરમાં હિંસા

**આઠ જિલ્લામાં કર્ફ્યુ : મેઇતેઇ સમુદાયને એસટી કેટેગરીમાં સામેલ કરવાનો વિરોધ : ભારતીય મહિલા બોક્સર મેરી કોમે ટ્વીટ કરીને મદદ માગી, પાંચ દિવસ માટે ઇન્ટરનેટ સેવાઓ સ્થગિત**



ઈમ્ફાલ, તા.૪

ઓલ ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ યુનિયન દ્વારા ગઈકાલે મેઈતેઈ સમુદાયને એસટીકેટેગરીમાં સામેલ કરવાની માંગનો વિરોધ કરવા માટે એક કૂચ બોલાવવામાં આવી હતી. આ માર્ચ દરમિયાન ચુરાચંદપુરમાં હિંસા ફાટી નીકળી હતી. ભારતીય મહિલા બોક્સર મેરી કોમે ટ્વિટ કરીને મદદ માંગી હતી.

મણિપુરમાં ગઈકાલે મેઈતેઈ સમુદાને અનુસૂચિત જનજાતિ શ્રેણીમાં સામેલ કરવાની માંગનો વિદ્યાર્થીઓના સંગઠને વિરોધ કર્યો હતો. આ આદિવાસી આંદોલન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. આ હિંસા બાદ આઠ જિલ્લાઓમાં કર્ફ્યુ લગાવવામાં આવ્યો હતો અને સમગ્ર મણિપુરમાં આગામી પાંચ દિવસ માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. આ હિંસા પર ભારતીય મહિલા બોક્સર મેરી કોમે ટ્વિટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

## જંતર મંતર પર પોલીસ સાથેના ઘર્ષણમાં બે કુશ્તીબાજો ઘાયલ

**જંતર-મંતર પર પોલીસ અને ધરણાકારો વચ્ચે ઘર્ષણ બાદ જંતર-મંતર પર સુરક્ષા વધારી દેવામાં આવી છે , પોલીસે ૪૦થી વધુ લોકોની અટકાયત કરી**

નવી દિલ્હી, તા.૪

બુધવારે મોડી રાત્રે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ) ના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કાર્યવાહીની માગણી સાથે દિલ્હીના જંતર-મંતર પર ધરણા કરી રહેલા કુસ્તીબાજો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. કુશ્તીબાજો નો આરોપ છે કે વરસાદને કારણે તેઓએ બેડ મગાવ્યા હતા. પોલીસ ધરણાં સ્થળ પર પહોંચે તે પહેલા આ બેડને અટકાવ્યા હતા. આ દરમિયાન પોલીસ અને દેખાવકારો વચ્ચે ઝપાઝપી થઈ હતી. અહેવાલો અનુસાર દુષ્યંત ફોગાટ સહિત બે કુશ્તીબાજો ઘાયલ થયા છે. જ્યારે ફોલ્ડિંગ બેડ સાથે જંતર-મંતર પહોંચેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સોમનાથ ભારતીને પોલીસે કસ્ટડીમાં લઈ લેવાયા છે. બાદમાં તેને છોડી મૂકવામાં આવ્યા હતા. આ ઘટના બાદ જંતર-મંતર પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ દરમિયાન પોલીસે ૪૦થી વધુ લોકોની અટકાયત કરી હતી.



કુસ્તીબાજ બજરંગ પુનિયાનો આરોપ છે કે પોલીસકર્મીઓએ વિરોધ કરી રહેલી મહિલા રેસલર્સ સાથે દુર્વ્યવહાર કર્યો અને મારપીટ કરી. અમને સમગ્ર દેશના સમર્થનની જરૂર છે, દરેક વ્યક્તિએ દિલ્હી આવવું જોઈએ, એમ તેમણે કહ્યું. પોલીસ અમારી વિરુદ્ધ બળપ્રયોગ કરી રહી છે. મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવી રહ્યો છે બ્રિજભૂષણ વિરુદ્ધ કોઈ કાર્યવાહી થઈ રહી નથી.

## એન્કાઉન્ટરમાં ગેંગસ્ટર અનિલ દુજાના ઠાર

**મેરઠમાં ગેંગસ્ટર અને યુપી એસટીએફ વચ્ચે ગોળીબાર : દુજાનાને ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, દિલ્હી-એનસીઆર અને હરિયાણામાં આતંકનો પર્યાય માનવામાં આવતો હતો**





મેરઠ, તા.૪

ગેંગસ્ટર અનિલ દુજાના યુપી એસટીએફએન્કાઉન્ટરમાં માર્યો ગયો.ગૌતમ બુદ્ધ નગરના કુખ્યાત ગેંગસ્ટર અનિલ દુજાનાને ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સે મેરઠમાં ઠાર માર્યો છે. પ્રારંભિક માહિતી અનુસાર, મેરઠમાં યુપી એસટીએફ અને અનિલ દુજાના ગેંગ વચ્ચે સીધું એન્કાઉન્ટર થયું હતું. જેમાં અનિલ દુજાનાને ઠાર કર્યો છે. તમને જણાવી દઈએ કે અનિલ દુજાનાને ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, દિલ્હી-એનસીઆર અને હરિયાણામાં આતંકનો પર્યાય માનવામાં આવતો હતો. તે લગભગ એક અઠવાડિયા પહેલા જેલમાંથી છૂટ્યો હતો. જેલમાંથી છૂટતાની સાથે જ તેણે ગૌતમ બુદ્ધ નગરમાં

● અનુસંધાન પાન-૭ પર

## નવો ડિજિટલ ઈન્ડિયા એક્ટ લાવવા કેન્દ્ર સરકારની તૈયારી

**સાઈબર ક્રાઈમ તથા ડિજિટલ યૂઝર્સની વધતી અસુરક્ષાના સંદર્ભે ક્વાયત : નવા કાયદાનો મુસદ્દો જુલાઈ સુધી જાહેર કરાશે, નવા એક્ટમાં સ્પાય કેમેરા, ચશ્મા પહેરવા લાયક ટેક્નોલોજી વગેરે પર કડક નજર રાખવામાં આવશે**

નવી દિલ્હી, તા.૪

ભારત સરકાર ઈન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટ ૨૦૦૦ની જગ્યાએ એક નવો ડિજિટલ ઈન્ડિયા એક્ટ લાવવાની તૈયારી કરી રહી છે.



નવા કાયદાનો મુસદ્દો જુલાઈ સુધી જાહેર કરાશે. દેશમાં નવી ટેક્નોલોજીના અનપેક્ષિત વિસ્તરણ અને વધતા સાઈબર ક્રાઈમ તથા ડિજિટલ યૂઝર્સની વધતી અસુરક્ષાને ધ્યાનમાં રાખી આ કાયદાના મુસદ્દામાં અનેક નવી જોગવાઈઓ સામેલ કરવાની તૈયારીઓ છે.

કેન્દ્ર સરકારનું માનવું છે કે નવા દોરના સોશિયલ મીડિયાના પડકારો અને વધતા સાઈબર ક્રાઈમ સામે વર્તમાન આઈટી એક્ટ નબળો પડી ગયો છે. હવે એક નવો કાયદો લાવવાની તૈયારી છે જેને ડિજિટલ ઈન્ડિયા એક્ટ કહેવાશે. જુલાઈમાં તેનો ડ્રાફ્ટ આવી શકે છે.

સરકારી સૂત્રોના અહેવાલ અનુસાર આઈટી એક્ટમાં ફેરફાર કરાશે. ૨૦૦૦માં જ્યારે આઈટીએક્ટ બન્યો ત્યારે દેશમાં ૫૫ લાખ ઈન્ટરનેટ યૂઝર્સ હતા. હવે ૮૫ કરોડથી વધુ નેટ યૂઝર્સ થઈ ચૂક્યા છે. આ ૨૩ વર્ષોમાં અનેક નવા પ્લેટફોર્મ સામે આવ્યા છે. તેમાં ઈ-બિઝનેસ, ડિજિટલ અને સોશિયલ મીડિયા, ઓટીટી, ગેમિંગ તથા એઆઈ પણ સામેલ છે. સાથે જ અનેક પ્રકારના નવા સાઈબર ક્રાઈમ સામે

● અનુસંધાન પાન-૭ પર

## યુક્રેન પર રશિયાનો ૨૪ ડ્રોનથી હુમલો

**ક્રેમલિન પર ડ્રોન હુમલા બાદ રશિયાના આક્રમક તેવર : યુક્રેનના ખેરસાન પર રશિયાના હુમલામાં ૨૩નાં મોત : ૪૬ લોકો ઈજાગ્રસ્ત, ૧૮ ડ્રોન તોડી પડાયાનો યુક્રેનનો દાવો**





કીવ, તા.૪

ડ્રોન હુમલા બાદ રશિયા-યુક્રેન યુદ્ધ ખતરનાક બની ગયું છે. ક્રેમલિન પર ડ્રોનથી હુમલા બાદ રશિયા લાલઘુમ થયું છે. આ હુમલો યુક્રેને કર્યો હોવાનો મોસ્કોએ આરોપ લગાવ્યો છે. રશિયા પર ડ્રોન એટેક બાદ આક્રમક બનેલી રશિયન સેનાએ દક્ષિણી શહેર ખેરસાન પર બુધવારે રાત્રે ૨૪ ડ્રોનથી હુમલો કર્યો છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૨૩ લોકોના મોત થયા છે અને ૪૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. યુક્રેનની વાયુ સેનાએ ગુરુવારે કહ્યું કે, રશિયાએ યુક્રેન પર આખી રાત ૨૪ ડ્રોનથી હુમલો કર્યો, જેમાંથી ૧૮ ડ્રોન તોડી પડાયા છે. વાયુ સેનાએ ટેલીગ્રામ ચેનલ દ્વારા આ સૂચના આપી હતી.

ગર્વનર એલેક્ઝેંડર પ્રોદુકીને કહ્યું કે, રશિયાએ સુપર માર્કેટ, રેલવે સ્ટેશન અને અન્ય રહેણાંક બિલ્ડિંગોને નિશાન બનાવી. તેમણે કહ્યું કે, અમે જ્યાં રહીએ છીએ, તે જગ્યાઓને રશિયાએ નિશાન બનાવી. રશિયાના નિશાના પર અમે અને અમારા બાળકોની જિંદગી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## વર્લ્ડ બેન્ક અધ્યક્ષ તરીકે અજય બાંગા

નવી દિલ્હી, તા.૪

ભારતીય મૂળના અજય બાંગા વર્લ્ડ બેન્કના આગામી



અધ્યક્ષ બનશે. વર્લ્ડ બેન્કે આ મામલે પુષ્ટી કરી દીધી હતી કે અજય બાંગાને બુધવારે બેન્કના આગામી અધ્યક્ષ તરીકે ચૂંટી લેવાયા છે. ક્લાઈમેટ ચેન્જનો સારી રીતે સામનો કરનાર આ ડેવલપમેન્ટ બેન્કના અધ્યક્ષનો કાર્યભાર તે એક મહત્ત્વપૂર્ણ સમયે સંભાળી રહ્યા છે. વર્ષના કાર્યકાળ માટે તેમના નેતૃત્વને મંજૂરી આપવા મતદાન કર્યાના તાત્કાલિક બાદ તે ૨ જૂને ડેવિડ માલાપાસથી પદભાર ગ્રહણ કરશે.

## કાશ્મીરના બારામુલ્લામાં અથડામણ, બે આતંકી ઠાર

**જમ્મુ-કાશ્મીરના બારામુલ્લાના પટ્ટન વિસ્તારના ક્રીરી ગામમાં ઓપરેશનમાં તેમની પાસેથી એક AK ૪૭, એક પિસ્તોલ અને અન્ય દારૂગોળો મળી આવ્યો છે**

નવી દિલ્હી, તા.૪

જમ્મુ-કાશ્મીરના બારામુલ્લાના પટ્ટન વિસ્તારના



ક્રીરી ગામમાં સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આ અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. મળતી માહિતી મુજબ સુરક્ષા દળોએ ઓપરેશન શરૂ કરી દીધું હતું. આ ઓપરેશનમાં તેણે બે આતંકીઓને ઠાર કર્યા હતા. સૈન્ય અધિકારી પાસેથી મળેલી માહિતી અનુસાર, ઓપરેશનમાં તેમની પાસેથી એક છ૭ઙ્ઢ ૪૭, એક પિસ્તોલ અને અન્ય દારૂગોળો મળી આવ્યો છે. આ સાથે તેમણે જણાવ્યું કે સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, તેમને આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે ઈનપુટ મળ્યા હતા. જે બાદ તેણે ગામમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જે દરમિયાન આતંકીઓ

● અનુસંધાન પાન-૭ પર

## છત્તીસગઢમાં બોલેરો-ટ્રક ટકરાતાં ૧૧નાં મોત

બાલોદ, તા.૪

છત્તીસગઢમાં મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. છત્તીસગઢના બાલોદ જિલ્લામાં આ અકસ્માતની ઘટના બની જેમાં ૧૧ લોકોના મોત થયાના અહેવાલ છે. આ અકસ્માત બાલોદ જિલ્લાના જગતારા પાસે થયો હતો. મૃતકોમાં પાંચ મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે.

બાલોદના પુરુર અને ચર્મા વચ્ચે બાલોદગાહાન પાસે લગ્ન સમારોહમાં જઈ રહેલી બોલેરો અને ટ્રક વચ્ચે ટક્કર થતા ૧૦ લોકોનાં મોત થયાં છે અને એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ટ્રક અને બોલેરો વચ્ચે જોરદાર ટક્કર થતા બોલેરોનો બુકડો બોલી ગયો હતો. બોલેરોમાં સવાર ૧૦ જેટલા લોકોના મોત થયા છે.




પ્રથમ પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

नैनं छिन्दति शस्त्राणि, नैनं दहति पावक : ।
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ॥

હૃદયસ્થ સ્વજનને સ્નેહભરી અંજલિ

સ્વ. નૂતન અક્ષય મહેતા
જન્મ તા. ૮-૧૦-૧૯૬૬ ● સ્વ.. તા. ૫-૫-૨૦૨૨
સ્વ. નૂતનબેન પી. રાવલ
(તત્કાલીન નિયામક નિરંતર શિક્ષણ, ગાંધીનગર)

ડો. અક્ષય એન. મહેતા
(આચાર્યશ્રી, શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરા, અમદાવાદ)
પ્રકાશભાઈ એન. મહેતા (ગાંધીનગર) | યોગેશભાઈ એન. મહેતા (બાબરા)
ડો. નૈસર્ગી અક્ષય મહેતા (પુત્રી) (ICDS - ગાંધીનગર) | વ્યોમ અક્ષય મહેતા (પુત્ર) (USA)
સારાહ વ્યોમ મહેતા (પુત્રવધુ) | ઈલોરા વ્યોમ મહેતા (પૌત્રી)

૪૦૧, ગ્રીનવુડ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૩૨૦, સેક્ટર-૨૩, ગાંધીનગર. મો. ૯૪૨૬૭૪૩૩૨૮